આ પ્રશ્નપત્રમાં કુલ 8 છાપેલા પાના છે.

# GUPEC - 07-01-2019

**SAMPLE**

કુલ ગુણ : 75

સમય : 90 મિનીટ

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

પ્રશ્નપુસ્તિકા કોડ : **A**

ઉમેદવારની સહી : ____________ ખંડ નિરીક્ષકની સહી : ____________

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 75 પ્રશ્નો છે. પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે ઉત્તરપત્ર (OMR SHEET)માં વિકલ્પ E આપેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

જવાબવહી (OMR SHEET)માં

A ◯ B ● C ◯ D ◯ E ◯

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) **પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.** પ્રત્યેક ખોટા જવાબ, પ્રત્યેક ખાલી છોડેલ જવાબ તથા એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.25) (માઈનસ એક ચતુર્થાંશ) ગુણ કપાત કરવામાં આવશે.

(3) **ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, "E" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં શૂન્ય ગુણ મળવાપાત્ર થશે.**

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે **તેમજ ઉત્તરપત્ર (OMR SHEET) ઉપર આપેલ સૂચનાઓ વંચાણે લઈ તેનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.**

(7) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની વિગતો લખવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, કેમેરા, કેલક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(11) જો રફ કામ કરવાની જરૂર જણાય તો પ્રશ્નપત્રમાં દર્શાવેલ રફ કામ માટેની જગ્યામાં જ કરવું.

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

1. મેલેરીયાનું જીવન ચક સૌ પ્રથમ કોણે શોધ્યું?
[A] પાશ્વર [B] રોસ [C] મેન્ડલ [D] ડાર્વિન

2. મેલેરીયાનું વહન શેના દ્વારા થાય છે?
[A] સી સી ફ્લાય [B] સેન્ડ ફ્લાય [C] એનોફીલીસ [D] ક્યુલેક્સ

3. ફૂડ પોઈઝનીંગ શેના દ્વારા થાય છે?
[A] ઈ. કોલાઈ [B] કલોસ્ટીડીયમ બોટુલીનીયમ
[C] સાલ્મોનીલા ટાયફી [D] બેસીલસ મેગાટીલીયમ

4. પાણી દ્વારા ફેલાતા રોગોમાં કોનો સમાવેશ થતો નથી?
[A] કોલેરા [B] મરડો [C] કમળો [D] ન્યુમોનીયા

5. નીચેના પૈકી કયો રોગ યકૃતના રોગ તરીકે ઓળખાય છે?
[A] ટાઈફોઈડ [B] કમળો [C] મેલેરીયા [D] એઈડ્સ

6. ડેન્ગ્યુ તાવ શેના વડે ફેલાય છે?
[A] બેક્ટેરીયા [B] પ્લાઝ્મોડીયમ [C] વાઈરસ [D] ઉપરના તમામ

7. ઈનસેફીલાઈટીસ મનુષ્યમાં શેના વડે ફેલાય છે?
[A] એનોફીલીસ [B] ક્યુલેક્સ [C] એડીસ [D] ઉપરના તમામ

8. વીડાલ ટેસ્ટ કોના નિદાન માટે જરૂરી છે?
[A] યલો ફીવર [B] મેલેરીયા [C] ટાઈફોઈડ [D] કોલેરા

9. જાપાનીઝ ઈનસેફીલાઈટીસ મનુષ્યમાં શેના વડે ફેલાય છે?
[A] મચ્છર [B] સી સી ફ્લાય [C] સેન્ડ ફ્લાય [D] મધમાખી

10. કોલેરા શેના વડે થાય છે?
[A] વાઈરસ [B] બેક્ટેરીયા [C] ફુગ [D] પ્રજીવ

11. ફીલારીઅલ કૃમિ દ્વારા કયો રોગ થાય છે?
[A] હાથી પગો [B] મેલેરીયા [C] ધાધર [D] ન્યુમોનિયા

12. નીચેનામાંથી કયો મચ્છર જન્ય રોગ નથી?
[A] મેલેરીયા [B] ડેન્ગ્યુ તાવ [C] યલો ફીવર [D] વાઈરલ ફીવર

13. ટેમીફ્લુ નામની ઔષધ શેની સારવાર માટે વપરાય છે?
[A] લોહીનું કેન્સર [B] ઓરી [C] બર્ડ ફ્લુ [D] હીપેટાઈટીસ-એ

14. પોરાનાશક માટે કઈ દવાનો ઉપયોગ થાય છે ?
[A] ડેલ્ટામેથીન [B] પાયરેથ્રમ એક્સટ્રેક્ટ
[C] ટેમેફોસ [D] ડી.ડી.ટી.

15. નીચેનામાંથી કયો રોગ ઉપકર્ણ લાળગ્રંથીમાં ચેપ ફેલાવે છે?
[A] હીપેટાઈટીસ [B] ગાલપચોળીયુ
[C] બર્ડ ફ્લુ [D] ઉપરનામાંથી એક પણ નહિ

## Special
## MPHW FHW SI
## Telegram

▶ જોડાઓ અમારી સાથે
→ WhatsApp ગ્રુપ : 9429213312 પર તમારું નામ લખી મેસેજ કરો.
→ Telegram ચેનલ : https://t.me/MPHWFHWSI



✓ શું તમે પરિક્ષા પાસ કરવા માગો છો ?

✓ શું આરોગ્યલક્ષી સંપૂર્ણ માહિતી મેળવવા માગો છો?

✓ શું જુના પેપર અને મટીરીયલ મેળવવા માગો છો?

GovtBharti.info

## તો આજે જ જોડાઓ
## અમારી સાથે...

અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાવવા માટે અહીં ક્લિક કરો.
@govtbharti_info
Join us on Telegram

અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાવવા માટે અહીં ક્લિક કરો.
@MPHWFHWSI
Join us on Telegram

GovtBharti.info
Get Your JOB
Visit Website

Follow us on Instagram

Find us on: facebook

Follow us on twitter

તમામ માહિતી તમારા મોબાઈલ પર મેળવવા તમારું નામ લખીને 9429213312 પર WhatsApp મેસેજ કરો.

16. નીચેનામાંથી કયા રોગનું વિશિષ્ટ લક્ષણ "પાણીનો ભય" છે?

[A] ડેન્ગ્યુ [B] કોલેરા [C] હડકવા [D] પોલિયો

17. ડેપ્થીરીયા શેના વડે થતો રોગ છે?

[A] વાઈરસ [B] કોરનીબેકટેરિયમ

[C] સાલ્મોનીયમ [D] ઉપરના તમામ

18. એન્ટામોબીયા હીસ્ટોલીટીકા શેના વડે ફેલાય છે?

[A] કીટક [B] પરસેવો [C] પક્ષી [D] પાણી, ખોરાક

19. પ્લાઝ્મોડીયમ પ્રજીવ કયા તબકકાથી માનવમાં પ્રવેશ પામે છે?

[A] સ્પોરોઝુઓઈટ [B] મેરોઝુઓઈટ [C] ગેમેટોસાઈટ [D] ટ્રોફોઝુઓઈટ

20. ક્વાર્ટન મેલેરીયા શેના વડે ફેલાય છે?

[A] પી. વાયવેકસ [B] પી. ફેલસીપેરમ [C] પી. મલેરીયાઈ [D] પી. ઓવાલીસ

21. મલેરીયાનો પ્રજીવ દર્દીમાંથી ક્યારે મેળવી શકાય છે?

[A] તાવ વખતે [B] તાપમાન વધે તે પહેલા

[C] જયારે તાપમાન સામાન્ય થાય ત્યારે [D] ઉપરના તમામ

22. ફીલેરીયાસીસ શેના વડે ફેલાય છે?

[A] ગ્લોસીના પલ્પાલીસ [B] ફલેબોટોમસ આરજેન્ટીપ્સ

[C] વ્યુચેરીયા બેનક્રોફટી [D] ઉપરના તમામ

23. ઈન્ફલુએન્ઝા વાઈરસમાં જનીનદ્રવ્ય તરીકે શું હોય છે?

[A] DNA [B] RNA

[C] [A] અને [B] બંને [D] જનીનદ્રવ્ય વિહીન

24. માનવના યકૃતમાં પ્લાઝ્મોડીયમના જીવનચક્રની શરૂઆત શા માટે થાય છે?

[A] રક્ષણ [B] ખોરાક [C] ગુણાકીય વૃદ્ધિ [D] ઉપરના તમામ

25. ચીન્કોના વૃક્ષની છાલમાંથી શું મળી આવે છે?

[A] પાલ્મેટ [B] કિવનાઈન [C] મેલાઈન [D] ઉપરના તમામ

26. કાલા અઝારનો વાહક કોણ છે?

[A] સેન્ડ ફલાય [B] સી સી ફલાય [C] એનાફીલીસ [D] મધમાખી

27. ચીકનગુનીયા રોગ માટે જવાબદાર સજીવ ઓળખો?

[A] બેકટેરીયા [B] ફુગ [C] વાઈરસ [D] લીલ

28. શીતળાની રસી સૌપ્રથમ કોણે શોધી?

[A] એડવર્ડ જેનર [B] લુઈસ પાશ્ચુર [C] રોબેર્ટ કોચ [D] બેરી માર્શલ

29. વિશ્વ મેલેરીયા દિન ક્યારે આવે છે?

[A] 16 જુન [B] 25 એપ્રિલ [C] 16 ડીસેમ્બર [D] 25 મે

30. 2015માં મેડીસીનનું નોબેલ પ્રાઈઝ મેળવનાર ચાઈનીઝ મહિલા યુયુ ટુએ કયા એન્ટીમલેરીયલ સંયોજનની શોધ કરી હતી?

[A] ડોકસીસાયક્લીન [B] ક્વિનાઈન [C] ક્લોરોકીવન [D] આર્ટીમીસીન

31. નીચેનામાંથી ડેન્ગ્યુ ફીવરનું લક્ષણ નથી?

[A] ખૂબ માથું દુખવુ [B] ઓછુ સંભળાવવું [C] સ્નાયુમાં દુખાવો [D] સાંધામાં દુખાવો

32. પ્લાઝ્મોડીયમ વાઈવેક્સનો ઈન્ક્યુબેસન સમયગાળો કેટલો છે?

[A] 10 કલાક [B] 10 દીવસ [C] 14 કલાક [D] 14 દીવસ

33. પ્લાઝ્મોડીયમ પ્રજીવનું ફલિતાંડ શેમાં નિર્માણ થાય છે?

[A] માનવ RBC [B] માનવ યકૃત

[C] માદા એનોફીલીસ પાચનમાર્ગ [D] માદા એનોફીલીસ લાળગ્રંથી

34. રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ ક્યારે આવે છે?

[A] 16 મે [B] 16 ઓગષ્ટ [C] 16 ડીસેમ્બર [D] 16 જૂન

35. ભારતમાં સામાન્ય રીતે પ્લાઝ્મોડીયમની કઈ જાતિનો અભાવ છે?

[A] વાઈવેક્સ [B] ઓવાલી [C] ફેલ્સીપેરમ [D] મેલેરીયાઈ

36. કાલા અઝાર રોગનો પ્રજીવ કયો છે?

[A] લેઈશમાનીયા ડોનોવાની [B] યેરેશિયા પેસ્તીયા

[C] લુંમ્બ્રીકસ તેરેટીસ [D] એન્સાકલોસ્તોમા ડુઓડીનાલી

37. રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કયા રોગોનો સમાવેશ થાય છે?

[A] કાલા અઝાર [B] ચિકનગુનિયા [C] ડેન્ગ્યુ [D] ઉપરના તમામ

38. ઝીકા અને ડેન્ગ્યુ વાઈરસનું કુળ જણાવો?

[A] ફલેવી [B] પેરામીકસો

[C] પારવો [D] ઉપરનામાંથી એક પણ નહિ

39. હીમોઝોઈન એ શેના આધારીત છે?

[A] યલો ફીવર [B] મેલેરીયા ફીવર [C] ગેમ્બીયન ફીવર [D] ઉપરના તમામ

40. ઓરલ પોલિયો રસીની શોધ કોણે કરી?

[A] રોબર્ટ કોચ [B] એડવર્ડ જેનર [C] આલ્બર્ટ શેબીન [D] વોન બેહરીંગ

41. સામાન્ય શરદી શેના વડે થાય છે?

[A] રાઈનો વાઈરસ [B] હર્પિસ વાઈરસ

[C] સાલ્મોનીલા બેકટેરીયા [D] સુડોમોનસ બેક્ટેરીયા

42. SARS નામનો રોગ શેના વડે ફેલાય છે?

[A] હર્પિસ વાઈરસ [B] કોરોના વાઈરસ

[C] રાઈનો વાઈરસ [D] એચ.આઈ.વી. વાઈરસ

43. આફ્રીકન સ્લીપિંગ સિકનેસનો રોગજન્ય વાહક કોણ છે?
[A] સેન્ડ ફ્લાય [B] સી સી ફ્લાય [C] મધમાખી [D] પતંગીયુ

44. કોલેરાની સારવાર માટે શું જરૂરી છે?
[A] ઓ.આર.એસ. [B] ક્લોરેમફેનીકલ
[C] ટેટાસાયક્લીન [D] ઉપરના તમામ

45. ડીસેન્ટરી શેના વડે ફેલાય છે?
[A] અમોબીય [B] બેક્ટેરીયા [C] ફુગ [D] વાઈરસ

46. નીચેનામાંથી કયો રોગ વાઈરસ વડે થતો નથી?
[A] હિપેટાઈટિસ [B] ઈન્ફ્લુએન્ઝા [C] રેબીઝ [D] સ્કેબીઝ

47. અલ્ઝાઈમર રોગ શેની સાથે સંકળાયેલો છે?
[A] યકૃત [B] રુધિર [C] કિડની [D] મગજ

48. હિમોફીલિયા રોગ શેની સાથે સંકળાયેલો છે?
[A] હૃદય [B] કિડની [C] રુધિર [D] યકૃત

49. નીચેનામાંથી કયો પાણીજન્ય રોગ છે?
[A] ટાઈફોઈડ [B] ટ્યુબરક્યુલોસીસ [C] હીપેટાઈટીસ [D] સ્કર્વી

50. નીચેનામાંથી શેની રસી ઉપલબ્ધ નથી?
[A] યલો ફીવર [B] ટાઈફોઈડ [C] મેલેરિયા [D] હીપેટાઈટીસ બી

51. બ્લડગ્રુપની શોધ ________ એ કરી હતી.
[A] કાર્લ લેન્ડર સ્ટીનર [B] લૂઈ પાશ્વર
[C] ડૉ. ખુરાના [D] ઉપરમાંથી એકપણ નહીં

52. કઈ ગ્રંથી શરીરમાં માસ્ટરગ્રંથિ (મહાગ્રંથી) તરીકે ઓળખાય છે?
[A] થાઈરોઈડ ગ્રંથી [B] એડ્રીનલ ગ્રંથી
[C] પિચ્યુટરી ગ્રંથી [D] ઉપરમાંથી એકપણ નહીં

53. જીવાણું (બેક્ટેરિયા)ની શોધ ________ એ કરી હતી.
[A] ઈવાન વિસ્કી [B] એન્ટીવોન લ્યુવેન હોક
[C] ડી. ડુબે [D] ઉપરમાંથી એકપણ નહીં

54. મલેરીયા રોગ કયા પ્રજીવથી થતો રોગ છે?
[A] પ્લોસમોડિયમ [B] પેરામિશિયમ
[C] એનાબીના [D] ઉપરમાંથી એકપણ નહીં

55. નીચેનામાંથી કયો કેન્સરનો પ્રકાર નથી?
[A] કાર્સિનોમા [B] સારકોમા
[C] લ્યુકેમિયા [D] ઉપરમાંથી એકપણ નહીં

56. મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી બાદની પ્રથમ સામાન્ય સભામાં કોની પસંદગી કરવામાં આવે છે?

[A] કમીશ્નર [B] દંડક [C] મેયર [D] એક પણ નહીં

57. કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીમાં કેટલા કાઉન્સીલર્સ હોય છે?

[A] 10 [B] 12 [C] 14 [D] 16

58. કોર્પોરેશન હસ્તકની કેવા પ્રકારની સેવાઓ સાથે સંકળાયેલ કર્મચારી/અધિકારી પૂર્વ સૂચના સિવાય રજા કે ફરજમુક્તિ મેળવી શકતા નથી?

[A] મિલ્કત સેવાઓ [B] અનિવાર્ય સેવાઓ [C] હિસાબી સેવાઓ [D] સફાઈ સેવાઓ

59. મ્યુનિસિપલ ચીફ ઓડીટર દ્વારા મ્યુનિસિપલ એકાઉન્ટસનું પરિક્ષણ કેટલા સમયાંતરે તૈયાર કરી સ્ટેન્ડીંગ કમિટીને રજૂ થાય છે?

[A] સાપ્તાહિક [B] માસિક [C] ત્રિમાસિક [D] વાર્ષિક

60. કોર્પોરેશનની આવકનો મૂળ સ્ત્રોત શું છે?

[A] દંડ [B] વ્યાજ [C] કર [D] ફી

61. ભારતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ પદ્ધતિની ભલામણ કોના દ્વારા કરવામાં આવેલી?

[A] સી. એચ. હનુમંતરાવ સમિતિ [B] બળવંતરાય મહેતા સમિતિ

[C] અશોક મહેતા સમિતિ [D] એલ. એચ. સંઘવી સમિતિ

62. સર્વોચ્ચ ન્યાયાલયની સ્થાપના તથા બંધારણ સંબંધિ જોગવાઈઓ કયા અનુચ્છેદ અંતર્ગત સમાવિષ્ટ છે?

[A] 74 [B] 124 [C] 243 [D] 370

63. જાહેર એકમો દ્વારા નાગરીકોને અપાતી સેવાઓના નિકાલ માટેના જાહેરનામાને શું કહેવામાં આવે છે?

[A] વાર્ષિક અહેવાલ [B] અંદાજપત્ર

[C] નાગરીક અધિકારપત્ર [D] એક પણ નહીં

64. સંસદમાં આભાર પ્રસ્તાવ કોના દ્વારા સંબોધિત કરવામાં આવે છે?

[A] વડાપ્રધાન [B] વિરોધપક્ષના નેતા

[C] રાષ્ટ્રપતિ [D] સંસદિય કાર્યમંત્રી

65. સંયુક્ત સંસદિય સમિતીની રચના સામાન્યતઃ કેવા વિષયો માટે કરવામાં આવે છે?

[A] રાષ્ટ્રહિતના પ્રશ્નો [B] વાર્ષિક આયોજન

[C] CAG નો અહેવાલ [D] અર્થતંત્ર સક્ષમ બનાવવા

66. ભારત સરકાર દ્વારા **Zero Hunger Program - ZHP** કયારથી શરૂ કરવામાં આવ્યો?

[A] 15-09-2017 [B] 15-10-2017 [C] 15-09-2018 [D] 15-10-2018

67. મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીઓ કોણ છે?

[A] APL [B] BPL

[C] APL & BPL [D] એક પણ નહીં

68. NRHM નું પુરૂ નામ જણાવો

[A] National Rotary Human Missing [B] Number Real Higher Memory

[C] National Rural Health Mission [D] એક પણ નહીં

69. 'અટલ સ્નેહ યોજના' સરકારના કયા મંત્રાલય દ્વારા ચલાવવામાં આવે છે?

[A] રેલ મંત્રાલય [B] આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

[C] સંરક્ષણ મંત્રાલય [D] નાણા મંત્રાલય

70. આયુષ્યમાન ભારત યોજના ક્યારથી અમલમાં આવી?

[A] 2015 [B] 2016 [C] 2017 [D] 2018

71. છેલ્લે કરેલ કાર્યની અસર કેન્સલ કરવા વપરાતો કમાન્ડ કયો?

[A] Delete [B] Undo [C] Cut [D] Replace

72. RAM નું પુરૂં નામ શું છે?

[A] Read Access Memory [B] Random Access Memory

[C] Recrod Access Memory [D] આપેલ પૈકી એક પણ નહીં

73. વિન્ડોનું શીર્ષક શેમાં જોઈ શકાય છે?

[A] ટાઈટલ બાર [B] મેનુ બાર [C] સ્ટેટસ બાર [D] સ્ટાર્ટ બાર

74. ફાઈલ કે ફોલ્ડરનું નામ બદલવા માટે કયો કમાન્ડ વપરાય છે?

[A] ટેક્સ્ટ બોક્સ [B] રિનેમ [C] ટાઈટલ [D] લિસ્ટ

75. નીચેનામાંથી પત્ર લખવા માટે ઉપયોગી પ્રોગ્રામ કયો?

[A] Paint Brush [B] MS Wrod [C] Open [D] Insert

• • •

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**